सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૩/૦૪/૨૦૨૧ |
| નોંધ્યા તારીખ | ૦૩/૦૪/૨૦૨૧ |
| ફેંસલ તારીખ | ૧૧/૦૪/૨૦૨૧ |
| સમયગાળો | વર્ષ ૦૦ માસ ૦૫ દિન ૦૮ |

**પાટણના ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં, તાલુકો–જિલ્લો: પાટણ**

**ક્રિમીનલ કેસ નંબર : ૩૦૮૭/૨૦૨૧**

**આંક : ૦૫**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી : મહંતજી જયંતિજી ઠાકોર,**
**ઉ.વ.આ. ૨૩,**
**રહે. રાજપુર, તા. જી.પાટણ.**

**ગુન્હો : મોટર વાહન અધિનિયમ એકટની કલમ–૧૮૫ મુજબ**

---

**ફરીયાદ પક્ષે : મદદનીશ સરકારી વકીલશ્રી એમ.જી. કોરોટ**

**આરોપી પક્ષે : આરોપી તરફે વિ.વ.શ્રી એસ.એસ.યોગી**

---

**-:જજમેન્ટ:-**

૧. હાલના કામે ફરીયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તારીખ ૨૬.૦૯.૨૦૨૦ ના રોજ, કલાક ૧૦-૦૦ વાગ્યાના સુમારે, પાટણ ટાઉન વિસ્તારમાં, નવા બસ સ્ટેન્ડ પાસે, આરોપી પોતાના કબજા હવાલાની રીક્ષા જેનો રજીસ્ટ્રેશન નંબર જી.જે.૧૮.એ.વી.૮૨૪૨ ની નશાયુકત હાલતમાં ચલાવી મળી આવી પકડાઈ જઈ, એમ.વી.એકટની કલમ- ૧૮૫ હેઠળ સજાને પાત્ર ગુનો કરેલ છે.

૨. આ કામે આરોપીએ હાજર થઈને આંક-૦૩ થી ગુના કબુલાત પુરસીસ આપી તેમજ મૌખિક રજૂઆતમાં આરોપી ગરીબ અને મધ્યમ વર્ગના વ્યકિત છે. આરોપી ઉપર તેઓનું તથા તેઓના કુટૂંબનું ભરણપોષણ કરવાની જવાબદારી છે. સદર ગુનો નામ.કોર્ટમાં આરોપીને કબુલ મંજૂર છે તેમજ આરોપી હવે પછી કયારેય ભવિષ્યમાં આવો કોઈ ગુનો નહિ કરે તેમ જણાવી ગુનો કબુલ કરેલ છે.

આ કામે આંક-૦૪ થી આરોપીની પ્લી લેતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મળેલ છે તેમ જણાવી આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબૂલ કરેલ છે. આમ, કેસની હકિકત તથા આરોપીની આર્થિક સ્થિતી ને ઘ્યાને લઈને, તેમજ મોટર વાહન અધિનિયમ એકટની કલમ-૧૮૫ ના સંજોગો, તેમજ તેની સ્વૈચ્છિક ગુનાની કબૂલાત ઘ્યાને લેતાં, તેમજ નામદાર ગુજારત હાઈકોર્ટ જી.એલ.આર. ૨૦૦૫ (૧) પાન નં.૭૦૯, ગુજરાત રાજય વિરુઘ્ઘ નટવર હરચંદજીના કેસમાં આપેલ

માર્ગદર્શીકા મુજબ આરોપીને સુધરવાની તક આપીને આરોપીને કાયદામાં જણાવેલ પૂરેપૂરી સજા અને દંડ ન કરતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

૧. આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૨ અન્વયે, એમ.વી.એકટની કલમ-૧૮૫ મુજબ, સજાનેપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂપિયા ૫૦૦/-(રૂપિયા પાંચસો સો પૂરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો દિન-૦૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીના જામીન તથા જાતમુચરકા અપીલ સમય પૂરતાં ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૧૧મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૧.૦૯.૨૦૨૧
પાટણ

(તેજસ જીતેન્દ્દભાઈ પટેલ)
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ પાટણ
UI Code No. GJ 00959

NRP/-